


# તમને એક નવું મેડિકેર કાર્ડ મળી રહ્યું છે!

## કાર્ડ એપ્રિલ 2018 - એપ્રિલ 2019 ની વચ્ચે મેલ દ્વારા મોકલવામાં આવશે

તમે કહ્યું, અને અમે સાંભળ્યું. તમે એક નવું મેડિકેર કાર્ડ મેળવી રહ્યાં છો! એપ્રિલ 2018 અને એપ્રિલ 2019 વચ્ચે, અમે મેડિકેર કાર્ડ્સમાંથી સોશિયલ સિક્યોરિટી નંબર દૂર કરી રહ્યા છીએ અને દરેક વ્યક્તિને એક નવું કાર્ડ મોકલીશું. આ તમારી માહિતી વધુ સુરક્ષિત રાખવામાં અને તમારી ઓળખનું રક્ષણ કરવામાં મદદ કરશે.

તમને એક નવો મેડિકેર નંબર મળશે જે તમારા માટે અનન્ય હશે, અને તે ફક્ત તમારા મેડિકેર કવરેજ માટે જ ઉપયોગ થશે. નવા કાર્ડમાં તમારા કવરેજ અથવા મળતા લાભો બદલાશે નહીં. જ્યારે તમારું નવું કાર્ડ મોકલવામાં આવે ત્યારે તમને મેડિકેર તરફથી વધુ માહિતી મળશે.

## તમારે તૈયાર કેવી રીતે રહેવું તે અહીં દર્શાવેલ છે:

- ખાતરી કરો કે તમારું મેઇલિંગ સરનામું અપ-ટૂ-ડેટ છે. જો તમારા સરનામુ સુધારવાની જરૂર હોય, તો સોશિયલ સિક્યુરિટીનો **ssa.gov/myaccount** અથવા 1-800-772-1213 પર સંપર્ક કરો. TTY ઉપયોગકર્તાઓ 1-800-325-0778 પર કૉલ કરી શકે છે.
- તમારા નવા મેડિકેર કાર્ડ વિશે તમને સંપર્ક કરનારા કોઈ પણ વ્યક્તિથી સાવચેત રહો. અમે તમને નવી મેડિકેર સંખ્યા અને કાર્ડ મેળવવા માટે તમારી વ્યક્તિગત અથવા ખાનગી માહિતી આપવા માટે ક્યારેય નહિ કહીએ.
- એ સમજો કે દરેકને એક નવું કાર્ડ મોકલવામાં થોડો સમય લાગશે. તમારું કાર્ડ તમારા મિત્ર અથવા પડોશી કરતાં અલગ સમયે આવી શકે છે.

CMS Product No. 12002-Gujarati
September 2017